CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

શુક્રવાર ૧૭ મે, ૨૦૨૪

જીવનભરના સાથ માટે જે ક્ષણે સાત ફેરા લેવામાં આવ્યા અને એના 25 વર્ષ બાદ ફરી તે જ ક્ષણ માણવા મળે તો તેનાથી મોટો જલસો શું હોઈ શકે ! સુરત સિટીમાં હાલમાં જ કેટલાક કપલ્સે પોતાની 25મી મેરેજ એનિવર્સરી પર આવું જ કર્યું. હલ્દી, મહેંદી સેરેમની અને બેન્ડબાજાની સાથે ગ્રાન્ડ સેલિબ્રેશન કર્યું. ફરી મેરેજ માટે ડિજિટલ ઇન્વીટેશન કાર્ડ બનાવ્યા, હલ્દી અને મહેંદી પર ખાસ ફોક્સ રાખવામાં આવ્યું. પોતાના જ મેરેજમાં મન મૂકીને ડાન્સ કર્યો. જેમણે કોર્ટમાં મેરેજ કર્યા હતા તેમણે રીતરિવાજ અનુસારના લગ્ન નહીં થયાનો વસવસો 25મી વેડિંગ એનિવર્સરી પર બધી જ રીત રસમો સાથે મેરેજ કરી દૂર કર્યો હતો. કેટલાકના ફરી મેરેજ તેમના સંતાનો અને ભાઈ-બહેનોએ કરાવી 25 વર્ષની લગ્નનોની યાદો ફરી તાજી કરાવી હતી. 1999ની સાલમાં લગ્ન કરનાર કપલ્સે 25મી વેડિંગ એનિવર્સરી કાંઈક અલગ અંદાજમાં ઉજવી. ચાલો આપણે પણ આ લેખ થકી લગ્નને માણીએ...



રીશ્તે

## સુરતી કપલ્સનો અલગ અંદાજ

# 25મી વેડિંગ એનિવર્સરી પર ફરી લગ્ન કરી કર્યું ગ્રાન્ડ સેલિબ્રેશન

### કોર્ટ મેરેજ કર્યા હતા એટલે દીકરાએ 25મી વેડિંગ એનિવર્સરી પર અમારા હસબન્ડ વાઈફના વિધિથી લગ્ન કરાવ્યા: કૃપાબેન સોની



કૃપાબેને જણાવ્યું કે મેં અને અનંત સોનીએ 25 વર્ષ પહેલા પ્રેમ લગ્ન કોર્ટમાં કર્યા હતા કેમકે, મારા ઘરના લોકો અગ્રી નહીં હતા. એ વખતે અમે ફેરા નહીં ફરી શક્યા એટલે 25મી વેડિંગ એનિવર્સરી પર અમારા ફેરા સહિતની વિધિથી મેરેજ માટેનું અમારા દીકરાએ પ્લાનીંગ કર્યું હતું પણ તેને કેનેડામાં હાલમાં જ જોબ લાગી હોવાથી તે નહીં આવી શક્યો. અમારા સોમવારે 13 મે ના રોજ ફેરાની વિધિ થઈ હતી. એ પહેલા શનિવારે ઘરમાં મહેંદી સેરેમની થઈ હતી. સોમવારે સવારે અલથાણમાં વરઘોડો આવ્યો હતો એક બાજુ કન્યા પક્ષની તો બીજી બાજુથી વર પક્ષની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. પછી મેં અને મારા હસબન્ડે કપલ ડાન્સ પર્ફોર્મ કર્યું હતું. રાત્રે ગ્રાન્ડ રિસેપ્શન થયું હતું. એક મહિનો લગ્નની તૈયારીઓ ચાલી હતી.



### ફરી એક વખત પોતાને દુલ્હનના રૂપમાં જોવાની ઈચ્છા ફળી: મીનુ પંસારી



મીનુ પંસારીએ જણાવ્યું કે મારા ચન્દ્રપ્રકાશ પંસારી સાથે 25 વર્ષ પહેલાં 3 ફેબ્રુઆરીએ ધામધૂમથી લગ્ન થયા હતા. આ વર્ષે અમારી વેડિંગની સિલ્વર જ્યુબિલી વખતે મને પોતાને ફરી દુલ્હનના રૂપમાં જોવાની અને મહેંદી, સંગીત-સંધ્યા, રિંગ સેરેમનીની યાદો તાજા કરવી હતી એટલે અમે 2 અને 3 ફેબ્રુઆરીએ ફરી લગ્નના ફંક્શન રાખ્યા હતા. પહેલા દિવસે મહેંદી અને મારવાડી સ્ટાઈલમાં બન્ના-બન્ની ગીતોની સંગીત સંધ્યાનું આયોજન કર્યું હતું. મહેંદીના દિવસે મેં લેંઘા-ચોલી પહેર્યા હતા. બીજા દિવસે ઘરે અમારા મિત્રો અને સગા-સબંધીઓ ઢોલ વાજા સાથે આવ્યા હતા.ઘરમાં રિયલ ફલાવર્સનું ડેકોરેશન કર્યું હતું. અમારા રીંગસેરેમનીમાં બંનેની સેમ ડાયમંડ રિંગ બનાવી હતી તે એકબીજાને પહેરાવી હતી ત્યારે મેં ગાઉન પહેર્યો હતો. અમે ડાન્સ પર્ફોર્મ કર્યો હતો અને કેક કટિંગ કર્યું હતું.



### નાના હતા એટલે ભાઈ-ભાભીના મેરેજને એન્જોય નહીં કરી શક્યા એટલે ફરી મેરેજ કરાવ્યા: પૂર્વી ધનાવલે

પૂર્વી ધનાવલેએ જણાવ્યું કે અમારું જોઈન્ટ ફેમિલી છે. મારા મોટાભાઈ પ્રકાશ પવાર અને તેમની વાઈફ ભાવના પવારની 25મી મેરેજ એનિવર્સરી પર અમે બહેનો અને ભાઈની દીકરીએ ભાઈ-ભાભીને સરપ્રાઈઝ આપ્યું હતું. 7 એપ્રિલે અમે ટેરેસ પર તેમના મેરેજની વિધિ માટેની તૈયારીઓ કરી હતી ટેરેસ પર ભવ્ય ડેકોરેશન કર્યું હતું. તેઓ મંદિરથી આવતા જ અમે તેમને ટેરેસ પર લઈ ગયા હતા અને ત્યાં મંગલાષ્ટક વિધિ કરી ફરી મેરેજ કરાવ્યા હતા. અમારા મહારાષ્ટ્રીયન લોકોમાં મેરેજની વિધિમાં દુલ્હા-દુલહન વચ્ચે સફેદ પડદો મૂકી મંગલાષ્ટક થાય છે તેવું અમે કર્યું હતું. કેક કટિંગ સેરેમની કરી હતી. ભાભી તો મંદિર સિમ્પલ કપડામાં જવાના હતા પણ અમે તેમને સરસ રીતે તૈયાર કરી મંદિર મોકલ્યા હતા જો કે, અમે તેમના ફરીથી સાદગીપૂર્ણ મેરેજ કરાવવાના છે તે સસ્પેન્સ રાખ્યું હતું. ઘરના 25 મેમ્બર્સે ભાઈ-ભાભીની 25મી વેડિંગ એનિવર્સરી અલગ અંદાજમાં ઉજવી હતી. હોટેલમાં ભોજન સમારોહનું આયોજન કર્યું હતું.









### મમ્મી-પપ્પાએ કોર્ટ મેરેજ કર્યા હતા તેમના વિધિ અનુસાર મેં લગ્ન કરાવ્યા, : હીતુ ગણાત્રા

21 વર્ષની હિતુએ જણાવ્યું કે મારા મમ્મી પપ્પાએ 25 વર્ષ પહેલાં કોર્ટ મેરેજ કર્યા હતા જેમાં કોઈ રિલેટિવ્ઝ નહીં આવ્યા હતા. આ બધું મેં હું નાની હતી ત્યારે સાંભળ્યું હતું ત્યારે જ મેં નક્કી કર્યું હતું કે, હું પગભર થઈશ ત્યારે મમ્મી-પપ્પાની 25મી વેડિંગ એનિવર્સરી પર તેમના રીતિરિવાજ પ્રમાણે મેરેજ કરાવીશ. જો કે, મમ્મી-પપ્પા માટે આ બધું સરપ્રાઈઝ રાખવામાં આવ્યું હતું. વેડિંગ કાર્ડઝ છપાવી સંબંધી અને સોસાયટીમાં આપ્યા હતા. જે દિવસે ઘરે મહેંદી હતી તે દિવસે મામા-મામી અને બીજા રિલેટિવ્ઝ આવ્યા અને તેમણે મમ્મી-પપ્પાને આ વાતની જાણ કરી ત્યારે તેઓ ભાવુક થઈ ગયા હતાં. લગ્નના ફંકશન બે દિવસ ચાલ્યા હતાં. પહેલા દિવસે મહેંદી અને સંગીત સેરેમની હતી. સોસાયટીમાં મંડપ બંધાવેલો અને ડેકોરેશન કર્યું હતું. બીજા દિવસે હોટલમાં હલ્દી, સાત ફેરા, રિંગ સેરેમની અને ભવ્ય રિસેપ્શન હતું. મમ્મીનું કન્યાદાન મામાએ કર્યું હતું અને સાત ફેરા બાદ મમ્મીનો વિદાય સમારોહ હોટેલથી ઘર સુધીનો રાખવામાં આવ્યો હતો ત્યારે તો મમ્મીની આંખમાં ઝળઝળિયાં આવી ગયા હતા.



### 20મી વેડિંગ એનિવર્સરી પર નકકી કર્યું હતું કે 25મી લગ્ન તિથિએ પત્ની સાથે ફરી મેરેજ કરીશ : કમલભાઈ ગાંધી

ટેકસટાઈલના બિઝનેસ સાથે સંકળાયેલા કમલભાઈએ જણાવ્યું કે મેં મારી પત્ની કવિતા સાથે 25મી મેરેજ એનિવર્સરીના દિવસે ફરીથી રીતિરિવાજો પ્રમાણે લગ્ન કરી અમારી એનિવર્સરીને યાદગાર બનાવી હતી. 20મી એનિવર્સરી પર જ મેં નક્કી કરેલું કે હું સિલ્વર જ્યુબિલી વખતે પત્ની સાથે ફરી લગ્નની વિધિ કરીશ. જો કે, મહારાજના કહેવા પર બસ સાત ફેરા નહીં ફર્યા હતા. બે દિવસ ચાલેલા ફંકશનમાં મહેંદી, હલ્દી, રિસેપ્શન થયું હતું. મારા દીકરાએ લગ્ન માટે જરૂરી એરેન્જમેન્ટ કર્યું હતુ ઘરને ફૂલોથી ડેકોરેટ કર્યું હતું. હલ્દી ફંક્શનમાં 50 મહેમાનોએ ખૂબ એન્જોય કર્યું હતું. રિસેપ્શન હોટેલમાં હતું જેમાં 450 મહેમાનોને ઈન્વાઈટ કર્યા હતા. રિલ્સ પણ બનાવી ઈન્સ્ટા અને ફેસબુક પર મૂકી હતી. વેડિંગ ઈન્વીટેશન ડિજિટલ હતું.




# વોટર પાર્ક, ફાર્મ હાઉસના સ્વિમિંગ પુલ રિસોર્ટમાં એસી રૂમમાં કરાય છે સમર કિટ્ટી પાર્ટી



કિટ્ટી પાર્ટી લેડીઝ પોતાના મનોરંજન માટે કરતી હોય છે. એક સમય એવો હતો કે જયારે ઘરમાં જ કિટ્ટી પાર્ટી થતી. પણ ઘરમાં તેના માટે વિવિધ સ્વાદિષ્ટ વ્યંજનો બનાવવા કલાકો મહેનત કરવી પડતી એટલે ઘરના સ્થાને હોટેલમાં કિટ્ટી પાર્ટીનો ટ્રેન્ડ આવ્યો. પછી કાફેનું ચલણ વધતા શહેરની માનુનીઓ કાફેમાં કિટ્ટી પાર્ટી એન્જોય કરવા લાગી. અત્યારે સમર સિઝન ચાલી રહી છે એવામાં ઠંડકની સાથે આઉટિંગ પણ થઈ જાય અને પાર્ટીની પાર્ટી પણ થઈ જાય તે માટે કેવા કેવા સ્થાનો પર શહેરની મહિલા વૃંદ દ્વારા નજર દોડવામાં આવે છે અને પાર્ટીની સાથે ઠંડા ઠંડા કુલ-કુલ કઈ રીતે થઈ રહી છે તે આપણે જાણીએ....

મજ્જેની LIFE



### વોટર પાર્કમાં ડિફરન્ટ વોટર ગેમ, વોટર સ્લાઈડની મજા માણી કિટ્ટી પાર્ટી કરાય છે

અત્યારે મે મહિનાની ગરમી શહેરના લોકોને અકળાવી રહી છે તેનાથી થોડા કલાક છુટકારો મેળવવા વોટર પાર્ક તરફ લોકો નજર દોડાવી રહ્યા છે. અત્યારે સિટીના પેરીફેરીમાં ઘણા વોટર પાર્ક્સમાં લોકોનો ઘસારો જોવા મળી રહ્યા છે. વોટર પાર્કમાં કિટ્ટી પાર્ટીનો ટ્રેન્ડ ફૂલવાફાલ્વા લાગ્યો છે. અહીં સ્વિમિંગ પુલ, વોટર સ્લાઈડ, વોટર ગેમ્સને એન્જોય કરવા સાથે ફાસ્ટ ફૂડ, સિઝલરની જ્યાફ્ત પણ ઉડાવે છે કિટ્ટી પાર્ટી ગ્રુપ. ગરમીમાં ઠંડક અને થોડું બહાર ફરવાનું થઈ જાય છે એટલે આવી કિટ્ટી પાર્ટીનો ટ્રેન્ડ દેખાઇ રહ્યો છે. જયોતિબેને જણાવ્યું કે અમે કિટ્ટી પાર્ટી ગ્રુપે આ રીતે પાર્ટી એન્જોય કરી હતી.



### ફાર્મ હાઉસના પર્સનલ સ્વિમિંગ પુલ બન્યું કિટ્ટી પાર્ટીનું એટ્રેક્શન

હવે તો ગરમીમાં ફાર્મ હાઉસમાં ટાઈમ સ્પેન્ડ કરવાનો ટ્રેન્ડ પણ 4-5 વર્ષથી જોવા મળે છે. ફાર્મ હાઉસના પર્સનલ સ્વિમિંગ પુલ,નાની હોજ કે પછી ફાર્મ હાઉસના લોન માં સ્પ્રિંકલર હોય છે ત્યાં રેઇન ડાન્સ પાર્ટી કરીને પણ લેડીઝનું ગ્રુપ ઠંડક મેળવવાની સાથે ઠંડા શરબત જ્યુસ અને અન્ય ફૂડનો ટેસ્ટ માણી કિટ્ટી પાર્ટી કરી લેતી જોવા મળી રહ્યું છે. મિતાબેન પટેલે જણાવ્યું કે અમારા ફ્રેન્ડ સર્કલના કિટ્ટી ગ્રુપે એના ગામમાં એક ફ્રેન્ડના ફાર્મ હાઉસમાં સ્વિમિંગ પુલમાં ઠંડા પાણીમાં ઉતરી પાણી સાથે રમી કિટ્ટી પાર્ટી એન્જોય કરી હતી.





### સાંજના સમયે બીચ પર પહોંચીને ઠંડા પવનની લેહેરકી વચ્ચે થઈ જાય છે કિટ્ટી પાર્ટી

હવે લેડીઝનું ગ્રુપ બીચ પર ખાણી-પીણીની અને ફરવાની મજા લેવા સાંજના સમયે પહોંચી જાય છે. કિટ્ટી ગ્રુપ પોતાની સાથે લાઈટ સ્નેક્સ (નાસ્તા) કે પછી બહારથી ઓર્ડર કરીને મંગાવેલું ફૂડ સમુદ્ર કિનારે ઠંડા પવનની લહેરખી વચ્ચે એન્જોય કરે છે. અહીં ગરમીથી રાહત પણ મળી જાય છે અને સખી સહેલીઓ એકબીજાની કમ્પની પણ એન્જોય કરે છે.

### રિસોર્ટમાં A.C. રૂમ બુક કરાવી પાર્ટી એન્જોય કરાય છે

હવે તો હરવાફરવા અને સ્ટે કરવા માટેના ડેસ્ટિનેશન તરીકે રિસોર્ટનો વિકલ્પ ઉભરી આવ્યા છે. કિટ્ટી ગ્રુપ પણ સમર થીમ પર કિટ્ટી પાર્ટી માટે રિસોર્ટનો વિકલ્પ પસંદ કરવા લાગ્યા છે. એક-બે દિવસ માટે રિસોર્ટનો A.C. બુક રૂમ કરાવી ત્યાં ફરવાની મજા A.C. ની ઠંડક મેળવી, લઝીઝ પકવાન આરોગી કિટ્ટી પાર્ટીની મજા માણી લેતા પણ જોવા મળી રહ્યા છે.